# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૬/૩૦૨૨ તા. ૦૯/૦૨/૨૦૧૭

પરિપત્ર:૧૫૪

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિધાશાખાની તમામ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/ ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું તેમની કોલેજમાં પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓના ઈન્ટરનલ માર્કની ઓનલાઈન એન્ટ્રી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ તા. ૧૫/૦૨/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

તમામ સંબંધિત કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/ઈન્ચાર્જશ્રીઓએ ઓનલાઈન સબમિટ કરેલ ઈન્ટરનલ માર્કની પ્રિન્ટ આઉટ તેમજ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રાયોગિક કાર્ય કે સેમીનાર વિષય તરીકે હોય તેના ગુણ આ સાથે સામેલ રાખેલ નિયત નમુના મુજબના ગુણપત્રકમાં તૈયાર કરી પોતાના સહી-સિક્કા સાથે તા. ૧૭/૦૨/૨૦૧૭ સુધીમાં બંધ કવરમાં યુનિવર્સિટીમાં જમા કરાવવાના રહેશે તેમજ ઈન્ટરનલ માર્કની પ્રિન્ટ આઉટ એક નકલ કોલેજના નોટીસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓની જાણ માટે પ્રસિદ્ધ કરવાની રહેશે.

સંબંધિત કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રો દ્વારા ઈન્ટરનલ માર્કની નકલ તેમજ પ્રાયોગિક કાર્ય કે સેમીનારના ગુણનું ગુણપત્રક યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ તેમાં કોઈપણ ફેરફાર કરી શકાશે નહી. વધુમાં આંતરિક ગુણ અને પ્રાયોગિક કાર્ય કે સેમીનારના ગુણના અભાવે આપની કોલેજના વિદ્યાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવશે અને તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : નિયત નમુનાનું ગુણપત્રક.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિધાશાખાની તમામ કોલેજો/ માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

કોલેજનું નામ : ..............................................................................................................................

અભ્યાસક્રમ : ..............................................................................................................................

પરીક્ષાનું નામ : ..............................................................................................................................

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પરીક્ષા બેઠક નં. | મેળવેલ ગુણ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

આચાર્યની સહી અને સિક્કો